# પ્રથમ લેખિત કસોટી : ઓક્ટોબર-૨૦૧૭

તારીખ : ૦૪/૧૦/૨૦૧૭ ધોરણ-૮ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦

વાર : બુધવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ________

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.** (6)

(1) તણખો કયાં ન પડયો ? ☐

(ક) ચિનગારીમાં (ખ) જામગરીમાં

(ગ) સગડીમાં (ઘ) વિપતમાં

(2) જુમો કોના ઉપર બેસીને પરણવા ગયો હતો ? ☐

(ક) હાથી પર (ખ) ઘોડા પર

(ગ) પાડા પર (ઘ) વેણુ પર

(3) ગાંધીનગર કુલ કેટલા સેકટરમાં વહેંચાયેલું છે ? ☐

(ક) 25 (ખ) 28

(ગ) 30 (ઘ) 35

(4) કવિ 'ઉપરવાળી બેંક' કોને ગણાવે છે ? ☐

(ક) ઈશ્વરને (ખ) આકાશને

(ગ) દેનાબેંકને (ઘ) સ્ટેટબેંકને

(5) લેખમાં અનાજ કોની માલિકીનું બતાવાયું હતું ? ☐

(ક) રાજા (ખ) જગડુશા

(ગ) દેશની પ્રજા (ઘ) વેપારી

(6) ખેડૂત ધોરીડાને તૈયાર કરે છે, કારણ કે .... ☐

(ક) વરસાદ પડી રહ્યો છે. (ખ) વરસાદની ઋતુ છે.

(ગ) વરસાદ આવવાની તૈયારી છે (ઘ) વારસાદ થંભી ગયો છે

Scanned by CamScanner

**(બ) યોગ્ય જોડકાં જોડો.** (5)

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (1) એક જ દે ચિનગારી | (1) સ્વામી સચ્ચિદાનંદ |
| (2) જુમો ભિસ્તી | (2) ઝવેરચંદ મેઘાણી |
| (3) તને ઓળખુ છું, મા | (3) મનોહર ત્રિવેદી |
| (4) દિકરાનો મારનાર | (4) ધૂમકેતુ |
| (5) અઢી આના | (5) હરિહર પ્રાણશંકર ભટ્ટ |

**(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** (4)

એકે જ દે ......................................

..................................................

..................................................

.................................. જિંદગી સારી;

**પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) જુમો અને વેણુ દિવસ દરમ્યાન શું કરતા હતા ?

(2) રાજાએ જગડુશાને શા માટે તેડાવ્યા ?

(3) કુંવરનું મૃત્યુ શી રીતે થયું ?

(4) લેખકને અઢી આનાની જરૂર શા માટે પડી ?

**(બ) સવિસ્તાર જવાબ આપો. (ગમે તે બે)** (8)

(1) જુમાએ વેણુને બચાવવા કયા પ્રયત્નો કર્યા ?

(2) જગડુશાનો પાત્ર પરિચય તમારા શબ્દોમાં લખો.

(3) વાવણિયાને કેવી રીતે શણગાર્યું છે ?

**(ક) કારણો આપો.** (6)

(1) જુમો ભિસ્તી પાઠનું 'શીર્ષક' વેણુ પણ રાખી શકીએ. કારણ કે.....

(2) કવિ ઈશ્વર પાસે એક જ ચિનગારી માગે છે. કારણ કે.....

(3) મંદોદરખાને પોતાની ઘોડી મહેમાનને આપી દીધી. કારણ કે.....

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) સંધિ છુટી પાડો. (ગમે તે બે)** (2)

(1) સૂર્યાસ્ત =

(2) દિગંત =

(3) યોગેશ =

Scanned by CamScanner

**(2) અલંકાર ઓળખો.** (2)

(1) નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી.

(2) સંસાર-સાગર તરવો વસમો છે.

**(3) નીચેના વાક્યોના પ્રકાર જણાવો. (ગમે તે બે)** (2)

(1) મહાનલે એક ચિનગારી આપી.

(2) જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો.

(3) જુમો અને વેણુ ફરવા નીકળ્યા.

**(4) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે)** (2)

(1) રાજ્યના કાયદા ઘડનારી સભા.

(2) રાજ્યનું વડું મથક

(3) ઢોરને ખવડાવવામાં આવતી એક વનસ્પતિ.

**(5) નીચેના વાકયોમાંથી વિશેષણ ઓળખી બતાવો. (ગમે તે બે)** (2)

(1) રાહુલ હોંશિયાર વિદ્યાર્થી છે.

(2) સફેદ કબૂતર ઊડયું.

(3) નેહા પ્રથમ નંબરે પાસ થઈ.

**(6) નીચેના વ્યંજન-સ્વરને જોડીને શબ્દ બનાવો. (ગમે તે એક)** (1)

(1) ખ્ + અ + ર + અ + ચ્ + ઈ = ________

(2) ચ્ + ઈ + ન્ + અ + ગ્ + આ + ર + ઈ = ________

**(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.** (2)

(1) અલ્પાહાર

(2) ચિનગારી

**(8) સાચી જોડણી લખો.** (2)

(1) જીંદગિ

(2) પરિક્ષા

**પ્રશ્ન-4 (અ) પત્ર લેખન** (5)

તમારી શાળામાં યોજાયેલ શિક્ષકદિનની ઊજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

**(બ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) મારો પ્રિય તહેવાર

(2) માતૃપ્રેમ

(3) સ્વચ્છતાનું મહત્વ

Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.** (5)

જીવવાના ત્રણ પ્રકાર છે. બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ. આને જ 'જીવનકલહ' કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે પણ એમાં જીવન સાફલ્ય નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. એક બીજાના સહકારથી જીવનનો વિકાસ થાય છે. પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી. સ્વાર્પણ માટે જીવવું એ ત્રીજો પ્રકાર છે. સ્વાર્પણ દ્વારા જે જીવન લાધે છે તે કંઇક જુદું જ હોય છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ સમજાય છે અને સફળ થાય છે.

**પ્રશ્નો :**

(1) જીવનના કેટલા પ્રકાર છે ?

(2) કયો પ્રકાર દુનિયામાં સર્વત્ર છે ?

(3) જીવનનો બીજો પ્રકાર કયો છે ?

(4) કયા પ્રકારનું જીવન શ્રેષ્ઠ છે ?

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**(બ) પાત્રાલેખન કરો. (ગમે તે બે)** (4)

(1) જુમો

(2) જગડુશા

(3) મંદોદરખાન

**(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) ફળ વેચનાર માણસની ઉદારતા તમારા શબ્દોમાં વર્ણવો.

(2) મંદોદરખાનને પાછળ આવતા જોઇ મુસાફરે શું કર્યું ? શા માટે ?

(3) વાવણિયાને કેવી રીતે શણગાર્યું છે ?

(4) કવિ માતાની મમતા કયા કયા પ્રસંગે અનુભવે છે ?

Scanned by CamScanner